# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

નિર્ણયો લેવામાં કેજરીવાલની તડાફડી છે,
સાદગી અપનાવામાં નેતાઓની ચડાખડી છે,
દોડાદોડી છે પક્ષોમાં હવે સ્વચ્છ દેખાવા માટે -
'આપ'માં જોડાવા તકવાદીઓની પડાપડી છે

## હાઈકુ

કરો ઝડપ!
ઝડફીયાજી ફરી -
ગૂલાંટ માટે!

શ્રી કેશુભાઇ!
છે થાક્યા હાર્યા યોદ્ધા
થયા શરણે..

## ચિંતન

*પ્રદોષે દીપકશ્ચંદ્ઃ પ્રભાતે દીપકો રવિ : ।*
*ત્રૈલોક્યે દીપકો ધર્મ : સુપુત્ર : કુલદીપક ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે.

'સંધ્યાકાળે ચંદ્ર દીપક છે, પ્રભાતના સમયે સૂર્ય દીપક છે અને ત્રણે લોકમાં ધર્મ દીપક છે.'

આજના યુગમાં 'સોનોગ્રાફી'ની સહાયથી સંતાન પણ પસંદગી પ્રમાણે લોકો પ્રાપ્ત કરવાનો ખોટો વહેમ મનમાં રાખે છે. પુત્રીને આવતાં અટકાવે છે અને દીકરાની વાંછના રાખે છે. પુત્ર-પુત્રીના જન્મ પણ પિતૃઓના ઋણના હિસાબ મુજબ જ હોય છે. ઋણ ચૂકવવા કે વસૂલ કરવા પિતૃઓ સંતાન રૂપ અવતરે છે. સંસ્કાર અને પૂર્વજન્મના કર્મથી જ 'કુળ દીપક' જન્મે છે.

વ્યક્તિનું સત્યનિષ્ઠ આચરણ, સત્કાર્યોથી મંડિત જીવન અને વિનય-વિવેક પૂર્ણ વર્તાય એ જ સાચો ધર્મ છે આ ધર્મ જ આત્માને ત્રણે લોકમાં સહાય કરી દીપક સમાન માર્ગ દર્શક બને છે.

આ વાત સમજાવવામાં સૂર્ય અને ચંદ્રના દૃષ્ટાંત આપી - દિવસ અને સંધ્યાકાળના દીપક કહી બિરદાવ્યા છે.

## સુવિચાર

- સત્યના સોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે, જગત આખું રજકણને કચડે છે. પણ સત્યનો પૂજારી તો રજકણ સુદ્ધાં એને કચડી નાખે એવો અલ્પ ન બને ત્યાં સુધી તેને સ્વતંત્ર સત્યની ઝાંખી પણ દુર્લભ છે - *ગાંધીજી*
- આ પૃથ્વી પર મારી પાસે કામ લેનારા જેટલા લોકો જાણ્યા છે એમાંનો સૌથી કરડો અને કડક ધણી ઇશ્વર છે. તે તમારી પૂરેપૂરી પરીક્ષા કરે છે. જ્યારે તમને લાગે કે શ્રદ્ધા ડગી જવાની અણી પર છે ત્યારે એ અવશ્ય વ્હારે આવે જ છે - *ફાધર વાલેસ*
- વ્યક્તિ એટલે માનવ માનવ થાય, વ્યક્તિ વ્યક્તિ થાય, અને કુટુંબમાં અને સમાજમાં પોતાનું આગવું સ્થાન મેળવે જેના કારણે મહાન પુરૂષો 'મહાન' થયા- *ફાધર વર્ગીસ પોલ*
- નાટકમાં રાજા હોય, પ્રધાન હોય, વિદુષક પણ હોય પણ ઇનામ તો એને જ મળવાનું જે પોતાની ભૂમિકા સારી રીતે ભજવે ચાહે તે વિદુષક કેમ ન હોય - *નસીરૂદ્દીન શાહ*
- વાંચે પણ નહિ કરે વિચાર, તે સમજે નહિ સઘલો સઘળો સાર - *કવિ દલપતરામ*
- જો આપણી ભૂલનો અફસોસ હોય તો દિલગીરી વ્યક્ત કરી દેવી જોઇએ અને જો આપણી દિલગીરી ન સ્વીકારાય તો પછી કોઇ અફસોસ ન રાખવો જોઇએ - *પન્નાલાલ પટેલ*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

આપણને 'અનામત'નો લાભ મળી જાય, કોઇ સંબધોનો લાભ મળી જાય, ધંધા-નોકરીમાં સત્તા મળી જાય, પછી આપણાં જ ગરીબ-પછાત-સગા-વ્હાલાં તરફ નજર પણ નાખતાં નથી. અને એને 'પછાત', 'ના-લાયક' જ સમજીએ છીએ. ખરેખર તો આપણને જે 'લાભ' મહત્ત્વ મળ્યું તેનું કેમ ગરીબ - જરૂરિયાત વાળો લોકોમાં વિસ્તરણ થાય એમ વિચારવું જોઇએ.

પ્રસિદ્ધ બેન્જામીન ફ્રેંકલીનનું બાળપણ ખુબ ગરીબીમાં પસાર થયું હતું. એમના પિતાશ્રી જાતે જ મીણ-સાબુ બનાવી વેંચાણ કરતા હતા.

કોલેજકાળમાં શ્રી ફ્રેંકલીનને ફી-પુસ્તકો માટે પૈસાની જરૂર પડી. એક મિત્ર પાસેથી ૨૦-વીસ ડોલર, ઉછીના-પાછા આપી જવાની શરતે લીધા.

પરીક્ષા પુરી થઇ અને પરિશ્રમ કર્યા પછી વીસ ડોલર એકઠા થયા કે તરત પેલા મિત્રને ઉછીના લીધેલા પાછા આપવા ગયા..

મિત્રએ કહ્યું જૂઓ! હું અભ્યાસ કરતો હતો ત્યારે મારી પણ આર્થિક સ્થિતિ સારી નો'તી મને પણ કોઇ મિત્રએ મદદ કરી હતી. હવે તમે પણ આ ડોલર રાખો, અને કોઇ જરૂરિયાત મંદને મદદ કરજો. અને પાછા આપવા આવે ત્યારે તમે પણ એને મારી જેમ કહેજો. આમ સેવા-રાહત ચક્ર ચાલુ રહેવો...

શ્રી ફ્રેંકલીનને મિત્રની વાતનો મર્મ સમજાયો. સેવાનું ચક્ર ચાલું જ રહ્યું.

Email - sureshchandrabhatt18@gmail.com


# બાળકોને હોંશે હોંશે વાંચવી ગમે, બાળ માનસને જચે તેવી સરળ અને સરસ બાળવાર્તાઓનો સંગ્રહ

**શબ્દ સમીપે**

*- નટવર હેડાઉ*

બાળક એટલે ઇશ્વરનું બાળ સ્વરૂપ, ચેતનાનો ફુવારો, આવતીકાલના સમાજ - રાષ્ટ્રઘડતરનું સક્ષમ બીજ, સહજ નૈસર્ગિક આનંદ ઉલ્લાસનો ઉદ્દગાતા અને પ્રેમ સ્નેહનું નિર્મળ ઝરણું. ફૂલના સૌંદર્યને યથાવત રાખીને પતગંયું જેમ મિષ્ઠ રસપાન કરે છે તે રીતે પુરી સાવધાનીથી બોધને સાહિત્યરસ આનંદમાં ઓગળીને પીરસાય તો બાળક અને બાળ સાહિત્ય બંને ઉગરી શકે.

ઉપરોક્ત વાત વાંચ્યા પછી તમે એટલું તો સમજી જ ગયાં હશો કે હું આજે બાળ સાહિત્યના કોઇ સરસ પુસ્તકની તમને વાત કરવાનો છું. બાળ કથાઓ એવી હોવી જોઇએ જેમાં સરળ શબ્દો ટૂંકા વાક્યો ને સંવાદમાં ભળતાં લ્હેકાથી બાળ વિશ્વને કલ્પનોદ્દયન, તરંગ ને ભાવસભર વાણીથી અભિવ્યક્ત કરી શકાય અને સાંપ્રત બાળ જગત સાથે એના ભાવ જગતનું અનુસંધાન જળવાય તો એમાં રસ રૂચી વાચન પ્રત્યે ઘડાશે જેનાથી વાચન ભૂખ સવિશેષ ઉઘડશે ખૂલશે એટલે બાળક વાચનમાં રમમાણ બનવા પ્રેરાશે. તે માટે સતત બાળમાનસના અભ્યાસ સાથે જેઓ સર્જન કરી રહ્યાં છે એવા બાળવાર્તા લેખકની ઉત્તમ બાળ વાર્તાઓના તાજેતરમાં પ્રગટ થયેલા સંગ્રહની વાત મારે તમને કરવી છે.




'રમેશ ત્રિવેદીની ઉત્તમ બાળ વાર્તાઓ' ના પુસ્તકનું સંપાદન અમૃત ચૌધરીએ કર્યું છે. તેમાંથી પસાર થતાં આ પુસ્તકમાં આપણે ૨૫ જેટલી માતબર બાળવાર્તાઓ મળે છે. તેના શિર્ષકો જ એટલા બાળકોને ગમી જાય એવા છે કે બાળકો પુસ્તક હાથમાં લેતાં જ વાંચવા મંડી પડે. તમે તે વાંચશો તો તમને પણ આ પુસ્તક વાંચવાની ઇચ્છા થઇ જશે. જેમ કે - બોર, જાંબુ બમબમ, કેતરી બહેનની વાડી, કાગડાભાઇની ટોપી, સસ્સાભાઇના ઠસ્સા, દાદીમાંની ઉંદરડી, ઝરણું ઝમઝમીયું, દેડકાં ચાલ્યાં દરિયો લૂંટવા, કાગજા તો કાળા કાળા, પીન્કી બહેનને પાંખો ફૂટી, બિલ્લી ચાલી, દિલ્હી, શિળાય ભૈની નીચી મૂંછ, ચંપક કાકાની ચોટલી, સંતા કૂકડી, ટેકરી, પરનું ઝાડ, ચશ્માવાળી કીડી, પતંગીયું અને પરી, નેહા ટીકું હેય... હેય...' એ રીતે જોતાં રમેશ ત્રિવેદીની આ સંચયમાંની બાળ કથાઓ વિષય વૈવિધ્ય સભર ટૂંકા ટૂંકા વાકયોથી સરળ પ્રવાહી અને મનોહારી શૈલીયુક્ત તેમજ ચીલાચાલુ વાર્તાઓ કરતાં સાવ અલગ તરી આવે છે. અહીં સાંપ્રત સમયનું બાલગમ્ય પર્યાવરણ સુંદર પરિવેશમાં ઝીલાયું છે. વળી, આજના બાળકો - કિશોરોનું કલ્પના જગત પણ વાસ્તવની ભોંળ પર મુકાયું હોવાથી આ વાર્તાઓ હોંશે હોંશે વાંચવી ગમે તેવી છે. તેથી જ આપણા જાણીતા લેખક, પત્રકાર દિનેશ દેસાઇએ રમેશભાઇની બાળવાર્તાઓ વિશે 'શબ્દ સૃષ્ટિમાં' લખેલું કે 'તેમની બાળકથાઓ બાળવાંચકોને આનંદ પમાડનારી અને રસતૃપ્તિનો અનુભવ કરાવનારી હોય છે. રમેશ ત્રિવેદી કવિ પણ છે એટલે તેમની બાળવાર્તાઓમાં કવિકર્મ પણ પાને પાને જોવા માણવા મળે છે. બે ચાર પંક્તિના જોડકણાં કાવ્યો બાળવાર્તામાં સચોટ અને અસરકારક રંગ ભરી દે છે. વળી વાર્તાના ભાગરૂપે જ આ કાવ્યો હોવાથી એ દીપી પણ ઉઠે છે. જે એમની બાળકથાઓનું જમા પાસું છે.'

આ સંચયના સંપાદક અમૃત ચૌધરી નોંધે છે કે શ્રી ત્રિવેદીની બાળવાર્તાઓ બાળકો હોંશે હોંશે વાંચે તેવી રસાત્મક છે. તેમણે બાળકોના શબ્દ ભંડોળનું બરાબર અનુમાન કરીને શબ્દોને વીણી વીણીને વાક્ય રચનામાં ગુંથ્યા છે. એટલે શૈલી સરળ, મનોહર અને પ્રવાહી બને છે. તેમની બાળ વાર્તાઓ બાળકોને કથાનો રસાસ્વાદ તો કરાવશે જ પણ એ વાર્તાઓનો પરિવેશ બાળકોને પર્યાવરણનો પણ ગાઢ પરિચય કરાવશે. હાલના સંજોગોમાં એવી તાતી જરૂર છે. વળી આ વાર્તાઓની વિશેષતા એ છે કે એ ચીલાચાલુ અને હાલના બાળ સાહિત્યમાં જોવા મળતી ચૂંથાઇ અને ચવાઇ ગયેલી શેખચલ્લીય, સાવ ઊંટાગ લાગતી કલ્પાઓથી મોટે ભાગે મુક્ત રહી શકી છે. તેની આ વાર્તાઓ માનવીના વાસ્તવિક જીવનની નજીક હોય એવી પ્રતીતિ કરાવે છે. વળી આ વાર્તાઓમાં બાળકોને લયલીન કરી મૂકે એવા લયકણોની પંક્તિઓ બાળકોના ચિત્તને કથામાં વિશેષરૂપ તરબોળ કરી મુકે એ રીતે વળાઇ છે.

બાળ સાહિત્યના જાણીતા વિવેચન રાજેન્દ્ર ઉપાધ્યાયે પણ રમેશભાઇના બાળ સાહિત્ય સંદર્ભે નોંધ્યું છે કે 'બાળ સાહિત્ય કેવળ બાળ આનંદ, ખુશી, ઉલ્લાસ-ઉમંગ કે મજા-મસ્તી, ખેલકૂદ કે નાચવા, કુદવા માટે જ નથી. પણ તે સુટેવોના ઘડતર અને સંસ્કાર સિંચન જીવન ઘડતર માટે પણ છે.'

રમેશ ત્રિવેદીના બાળ સાહિત્યને સર્વશ્રી યશવંત શુક્લ, ચંદ્રકાન્ત શેઠ, મધુસૂદન પારેખ, મોહનલાલ શં. પટેલ, જયંત પાઠક, જયંત કોઠારી, રમેશ પારેખ, રતિલાલ સાં. નાયક, ડો. પ્રસાદ બ્રહ્મભટ્ટ, શ્રદ્ધાબહેન ત્રિવેદી, હુંદરાજ બલવાણી, રતિલાલ બોરીસાગર, મોહન લાલ પટેલ અને નટવર પટેલ જેવા વિદ્વાનોએ બિરદાવ્યું છે.

'રમેશ ત્રિવેદીની ઉત્તમ બાળવાર્તાઓનાં સંપાદક - અમૃત ચૌધરી ગાંધીનગર જિલ્લાના ગિયોડ ગામના વતની છે. તેમનો જન્મ તા. ૧૫-૫-૧૯૬૪ ના રોજ અમદાવાદ ખાતે થયો હતો. એમ.એ. સુધીનો અભ્યાસ ધરાવતા અમૃતભાઇ વિદ્વાન અધ્યાપક ઉપરાંત ડિવાઇન પબ્લિકેશન અમદાવાદના સ્થાપક છે. તેમના સાહિત્ય સર્જનમાં 'ઓશોનું કેળવણી દર્શન' સ્વામી આનંદ વૈરાગ્યના પુસ્તકનો અનુવાદ, તેમજ 'પળના અનંદ રૂપ' હાઇકુ કરેલ છે. મળતાવડા સ્વભાવના અને હૃદય ખોલીને વાત કરનાર ચહેરા પર સદા સ્મિત ને કારણે જે મળે તેને વારંવાર તેમને મળવાનું મન થાય એવા માણસ છે.'

'રમેશ ત્રિવેદીની ઉત્તમ બાળવાર્તાઓ'નો અભ્યાસ કરી બાળ સાહિત્ય ક્ષેત્રે પ્રવર્તતા અવકાશને પુરવા માટેનું' એક ઉત્તમ કામ કર્યા બદલ અમૃત ચૌધરીને તેમજ પુસ્તકના પ્રકાશન માટે ડિવાઇન પબ્લિકેશન્સ અમદાવાદ ને અભિનંદન પાઠવું છે અને પુસ્તકને આવકારૂં છું.

*'રમેશ ત્રિવેદીની ઉત્તમ બાળ વાર્તાઓ'*
*સંપાદક - અમૃત ચૌધરી*
*પ્રકાશક - ડિવાઇન પબ્લિકેશન, ૩૦, બીજે માળ, કૃષ્ણ કોમ્પલેક્ષ, જૂનું મોડેલ, સિનેમા ગાંધી રોડ, અમદાવાદ.*
*સંપર્ક સૂત્ર : ૯૮૨૫૦૫૭૯૦૫*
*પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩*

# આપણા સમાજમાં એવી કેટલી સ્ત્રોઓ હશે, જે એમનાં જીવાયેલાં વર્ષો દરમિયાન, કોઈપણ પ્રકારની જાતીય સતામણીનો ભોગ ક્યારેક ન બની હોય ?

**હું રસ્તે રઝળતી વારતા**

*- અયના કમલેશ*

*● સ્ત્રીઓ શીખે છે પ્રતિકારની ભાષા*

- હિમાંશી શેલત

આપણા સમાજમાં એવી કેટલી સ્ત્રોઓ હશે, જે એમનાં જીવાયેલાં વર્ષો દરમિયાન, કોઈપણ પ્રકારની જાતીય સતામણીનો ભોગ કયારેક ન બની હોય? જાતીય સતામણી એટલે અત્યારની વ્યાખ્યા મુજબ સૂચક ઈશારા, ગફલતથી થઈ ગયાનો ડોળ કરતા સ્પર્શ, અન્ય પુરુષ સાથીઓ સાથેની દ્વિઅર્થી વાતચીત અને એવું બીજું ઘણું. ધારો કે એક બાવીસ-ત્રેવીસની યુવતી નવીસવી નોકરીએ ચડી છે. સુરક્ષિત જીવનમાંથી અચાનક આપણી વ્યક્તિઓ વચ્ચે એણે પોતાની જાતને ગોઠવવાની છે. સહકાર્યકર્તાઓમાં પુરુષ એંસી ટકા છે, અને ફાજલ સમયમાં જીભનો રસ ટપકાવવામાં મશગૂલ છે. પેલી યુવતીની હાજરી એમને માટે બિલકુલ અગત્યની નથી. આમ છતાં એની હાજરીથી તમામની જીભ કંઈક વધુ ચંચળ બની છે. આ સમુદાયમાં બે-પાંચ એવા પણ હોઈ શકે, જેમને આ પ્રકારનો વાણી વ્યભિચાર પસંદ નથી. તેઓ ભાગ નથી લેતા, છતાં કોઈને અટકાવી પણ નથી શકતા. પુરુષો જે બોલે છે, એમાં દેખીતી રીતે વાંધાજનક કશું નથી, એ કદાચ કોઈ ચાલુ ફિલ્મના હલકટ સંવાદો છે, કે પછી કોઈ નાટકની બેવડા અર્થવાળી કરામત. કમાણી કરવાના આવા ધંધા નવા નથી, અને યુવતી પણ આ કીચડથી અજાણ નથી. જે ચાલી રહ્યું છે તે એની હાજરીને કારણે હોવા છતાં એ એનો પ્રતિકાર કરી શકશે? અને કરવો હોય તો શી રીતે કરશે?

મૅડમ, અમે તો રોજ આમ જ વાતો કરીએ છીએ! તમે નવાં છો એટલે તમને લાગે, બાકી... આ ક્યાં અમે બનાવેલું છે? આ તો જસ્ટ...

આવો અનુભવ ટ્રેનના ડબ્બામાં, ?

આવો અનુભવ ટ્રેનના ડબ્બામાં, બસ-સ્ટેન્ડ પર, ટિકીટબારી પર કે અન્ય કોઈ પણ જગ્યાએ થઈ શકે. આ તો ઠીક, જવા દઈએ, ઓછા વાહનવ્યવહારવાળા અને ઓછી અવરજવર વાળા કોઈ રસ્તા પરથી પસાર થઈ રહેલી બે-ત્રણ છોકરીઓ પાસેથી ધમધમાટ એક દ્વિચક્કી વાહન પસાર થઈ જાય છે. પાછલી બેઠક પરનો છોકરો હાથ લંબાવી છોકરીને અડી લે છે. આઘાતથી મૂઢ બનેલી છોકરી શું કરી શકશે? બૂમ પાડશે, તો સાંભલીને પેલા વાહન પાછળ કોણ પડવાનું? જે બન્યું તે નથી બન્યું એમ માનીને જ પેલી છોકરીઓ બીજે દિવસે ઘરની બહાર નીકળશે ને? બહુ, બહુ તો એ બીજો રસ્તો પસંદ કરશે, પણ એ તરફ આવી ઘટના નહી જ બને એની કોઈ ખાતરી ખરી?

સૂચક વાતો કે બીભત્સ ગીતો અંગે ફરિયાદ કર્યા પછી સામે એવું સાંભળવું મળ્યું હશે કે આટલેથી જ અટક્યું ને! કંઇ કર્યું તો નથી, પચી શું એટલે આ બધું નજર અંદાજ કરતાં શીખો. નોકરીની જરૂર છે, તો નાની નાની બાબતો પર ધ્યાન ન આપો, જરાતરા ચાલે, સમાજ ઝડપથી બદલવાનો નથી. પરિવારમાં નજીકના કે દૂરના પુરુષ સભ્યોમાં બેહૂદા વર્તન ચલાવી લેવામાં આવ્યાં હશે. શિક્ષકો, ઉપરીઓ, સાથી કર્મચારીઓ, રસ્તે ચાલ્યા જતા અજાણ્યાઓ, કેટલાની ગંદી નજરો, ચેનચાળાઓ, બીભત્સ મજાકો ખમખમીને સ્ત્રીઓ એ હદે ટેવાતી જાય છે કે પછી એ વિશે વિરોધ તો દૂર, ફરિયાદ કરવાનું પણ ભૂલી જાય છે. બીજા અનેક દબાણો જેવું આ યે એક દબાણ, છતાં જોઈને કરવાનું શું? ફિલ્મોમાં આઈટમ - સોંગ અને એની સાથે જોવા મળતાં વરવાં નૃત્યો, શરીર પરનાં સાવ ઓછા વસ્ત્રો, સેક્સી દેખાવાની હરિફાઇ - આખેઆખું બજાર ખુલી ગયું હોય આસપાસ, ત્યાં એ કોણે એની સામે કેવી રીતે જોયું કે કોણ કયાં અડી ગયું કે કોણ શું બોલ્યું, એની કથા માંડશે શી રીતે?

> દિલ્હીના નિર્ભયા બળાત્કાર કાંડને એક વર્ષ થયું તે નિમિત્તે મીડિયા અને અખબારી આલમમાં વિશેષ પ્રતિભાવ જોવા મળ્યા. ગુજરાતના વિશિષ્ટ વિચારપત્ર 'નિરીક્ષક' દ્વારા વિશેષાંક જ પ્રગટ કરાયો. આ નિર્ભયા વાર્ષિકીના બધા જ લેખો વાંચવા અને વાગોળવા જેવા છે પરંતુ 'ગાંધીનગર સમાચાર'ના સુત્ર વાચક વર્ગ માટે ગુજરાતી ભાષાનાં યશસ્વી વાર્તાકાર હિમાંશી શેલત તથા વરિષ્ઠ મહિલા સારસ્વત મીરાં ભટ્ટનાં લખાણો રજૂ કરવાની લાલચ રોકી શકતી નથી. આ બેઉ મહિલા સાક્ષરોની વેદના એ સમગ્ર સમાજની વેદના છે. શું સમાજ અને વિશેષ પણે ગુજરાતી મહિલા જગતે એની નોંધ લઈ 'પ્રો-ઍક્ટિવ' બનવાનો વખત પાકી નથી ગયો?
>
> *- અયના*

સમસ્ત નારીસમાજ આ ત્રણેય સ્ત્રીઓનો આભારી છે જેમણે કલ્ચર ઓફ સાયલન્સ સામે પોતાનો પ્રતિકાર નોંધાવ્યો છે. તહેલકા કાંડ કે ગાંગુલી ઘટના, આસારામ-અધ્યાય જે, તે સ્ત્રીઓને ચૂપ રહેવાનું કબુલ કર્યું નથી, અને પારાવાર મુશ્કેલીઓ વચ્ચે સંઘર્ષનો રસ્તો પસંદ કર્યો છે. ઘણાં કહે છે કે હવે સ્ત્રીઓને નોકરીઓ આપતાં સંસ્થાઓ દસ વાર વિચાર કરશે. એ તો પડશે એવા દેખાશે. પણ સ્ત્રીઓ સાથે બેફામ અને બેતમા વર્તન કરતી વખતે તો તરૂણ તેજપાલ કે જસ્ટીસ ગાંગુલી યાદ ન આવે તો આશ્ચર્ય!

સ્ત્રીઓ સામે જે પ્રકારના અને જે પ્રમાણમાં અપરાધો આચરવામાં આવે છે, એમાં કાયદાની ભૂમિકા અગત્યની હોવા છતાં એથી કશું મોટું પરિવર્તન નહીં આવે. એ તો આવશે પુરૂષની માનસિકતા બદલાશે ત્યારે. આવું તો ચાલી જાય, આટલા સામે તો કોઈ વાંધો ન ઉઠાવે સહેજ પ્રયત્ન કરવાની - લાગ્યું તો તીર, નહીં તો તુક્કો - ઈત્યાદિ બાવાંજાળાંની સફાઇ પુરૂષ સમાજે કરવી પડશે. સ્ત્રીઓ માટે સન્માન હોવું એટલે શું એ શીખવું પડશે, અને જેમને એ આવડે છે, તેમણે એ અન્યોને શીખવવું પડશે. ગુણિયલ સ્ત્રીઓનાં લક્ષણો તો બહુ ગણાવ્યા, હવે ગુણિયલ પુરૂષો કેવા હોય તેની કથા માંડવાનો સમય છે. અત્યારે જે ચર્ચામાં છે, એવી તમામ ઘટનાઓનું તારણ એટલું કે મૌનનો મહિમા, સ્ત્રીઓ સાથેનાં ગેરવર્તાવ સંદર્ભે, ઘટી ગયો છે. પોતાના શરીર પર અને મન પર, સ્વતંત્રતા પર અને વ્યક્તિત્વ પર થતાં આક્રમણો વેઠી લેવાના મિજાજમાં એ નથી. એ બોલશે ત્યારે વિસ્ફોટો સર્જાશે, ઠેઠ ઊંચે આસને બેઠેલા અને પોતાની એ પ્રાપ્તિથી સ્ત્રીઓ તરફ આધિપત્યભાવથી જોતા કંઇ કેટલાયે એમાં વેરવિખેર થઈ જશે. આ કોઈ વરતારો નથી, વાસ્તવિકતા ભણી કેવળ અંગુલિનિર્દેશ.

*● સહનાગરિકત્વનું પથ્ય : ન ડરવું, ન ડરાવવું*

- મીરાં ભટ્ટ

આજથી લગભગ પચાસ વર્ષ પહેલાં અમે જુવાન ભાઈઓ-બહેનો શ્રદ્ધેય દાદા ધર્માધિકારીના સ્ત્રી-પુરૂષ સહનાગરિકત્વના વિચારને લઈને સમસ્ત ભારતમાં, નગરો, કસબાઓ અને ઠેર આદિવાસી જંગલોમાં પણ સાથે સાથે ઘૂમતાં હતા અને નવા બાળમંદિરિયામાં હોંશે હોંશે પરસ્પર ખભેખભા મિલાવી નાગરિકતાના નવા પાઠ ભણી રહ્યાં હતા. તેમાંય અમારા ઋષિતુલ્ય ક્રાંતદષ્ટાએ જયારે ત્યાં સુધી કહી દીધું કે સમય આવે તમારે ભાઈઓને બહેનોએ એક પથારીમાં પણ સૂવું પડે તો પણ સવાલ ઊભો ન થાય, તેવું થવું જોઈએ. અને એક પથારીમાં તો નહીં, પરંતુ એક જ ઓરડામાં એકલા સાથે રહેવાના અનેક પ્રસંગો ઊભા થયા, ત્યારે પરસ્પર નિર્ભયતાપૂર્વક અમારૂં સહનાગરિકત્વ અકબંધ રહ્યું અને અમને ગૌરવ હતું.

પરંત છેલ્લા આ પચાસ વર્ષોમાં એવું તે શુ થઈ ગયું છે આજનો જુવાન કહે છે કે હવે તો બહેનો સાથે વાત કરવાનો પણ ડર લાગે છે. દૂરદર્શનની ચેનોલો પર આ નવા ડરને કારણોની ચર્ચાઓ થાય છે, પણ કોઈ પોતાની તરફ આંગળી ચીંધીને એમ નથી કહેલું કે હજુ અમે નાગરિકતાના પહેલા પાઠ પૂરા ભણી શક્યા નથી. લોકશાહીના નાગરિકનો આ પહેલો ઠાઠ છે કે એ કોઈનાં સ્વાતંત્ર્ય પર તરાપ નહીં મારે. આજે પોતાનું સ્વાતંત્ર્ય જોખમનું આવી પડવાનો ડર એટલા માટે છે કે બીજાનું સ્વાતંત્ર્યનું રક્ષણ નથી થતું. નીતિમત્તાના પાઠ તો પછી આવે, પરંતુ સંતાન વ્યસ્ક નાગરિક થઈને ઘરની બહાર પગ મૂકે તે પહેલા માબાપે એને નાગરિકતાની આ કક્કો બારાખડી પુરેપુરી ભણાવી દેવી જોઈએ. આ નૈતિકતા નથી, નાગરિકત્વની આ આચારસંહિતા છે.

પરંતુ સંતાનો શું, માબાપ પોતે હજુ આ પાઠ પૂરો ભણી શક્યાં નથી. અમારા જમાનામાં અમે બહેનો માંહોમાંહો વાતો કરતી કે અને યુવાનોનો એટલો ડર નથી લગાતો, જેટલો વડીલોનો લાગે છે! આજે પણ ઘણા બળાત્કારના કિસ્સામાં બચાવ સંભળાય છે કે આ તો મારી પુત્રી કે પૌત્રી સમાન છે... પણ ઉંમરની વાત જવા દઈએ, આખરે તો તમામ સ્ત્રી પુરૂષ નાગરિકે સ્વસ્થ સામાજિક સ્ત્રી-પુરૂષ સહજીવનનો આ પાઠ આત્મસાત કરવો અનિવાર્ય છે કે બંનેનાં સ્વાતંત્ર્યનું પૂરેપુરૂં રક્ષણ થાય!

જો પોતાના તરફથી આવી ચિંતા-ચીવટ અને મૂલ્યનિષ્ઠા હોય, તો ન કરે નારાયણ અને સામેની વ્યક્તિની મતિ ભ્રષ્ટ થતી દેખાય તો પણ માણસે ડરવાનું કોઈ કારણ ન રહેવું જોઈએ. પુરૂષને સ્ત્રીના આક્રમણનો ડર એટલો ન હોય, જેટલો બદઈરાદાનો હોય. પરંતુ બદઈરાદો રાખીને પણ સ્ત્રી બળાત્કાર તો ન કરી શકે. કપડાં ફાડી શકે, નખ્ખોરા ભરી શકે, અથવા એવું જ કાંઈ બીજું. પરંતુ પુરૂષની સચ્ચાઈની જો બુલંદી હોય, તો એના શત-પ્રતિશત નાગરિકત્વ સામે સ્ત્રીની બદનક્ષી કારગર ન નીવડી શકે, એવું લાગે છે. આપણી સામે તો સ્ત્રીના પુરૂષ પરના આક્રમણના કથા-વાર્તાના કિસ્સા છે. જેમ કે સુર્પણખા, પણ એ કોઈનું શીલભંગ તો ન જ કરી શકી.

માત્ર નાગરીક જીવનમાં જ નહીં, પારિવારીક કે દાંપત્યજીવનમાં પણ હજી પુરૂષ ચિત્તે આ પાઠ ભણવાનો બાકી જ છે એ સ્ત્રીના સ્વાતંત્ર્યનું

*(અનુસંધાન પાના નં. ૬ પર)*

## સાંભળવાની કલા

# અક્ષયપાત્ર

- બકુલ દવે

***સ્પષ્ટ, મુદ્દાસર અને પ્રવાહી બોલવું એ કળા છે તેમ એકાગ્રતાપૂર્વક, ધીરજ રાખી - કંટાળ્યા સિવાય કોઇને સાંભળવું તે પણ ખાસ્સી સજ્જતા માંગી લે છે, સારા વક્તા શોધવાનું કદાચ એટલું મુશ્કેલ નથી, જેટલું અઘરૂં ઉત્તમ શ્રોતાને પામવાનું***

**The first duty of love is to listen.**

**- Paul Tillich**

પોલ ટિલિકે લખ્યું છે : તમે કોઇને પ્રેમ કરતાં હો તો તમારી પહેલી ફરજ છે કે તમે એને ધ્યાનપૂર્વક સાંભળો.

સ્પષ્ટ, મુદ્દાસર અને પ્રવાહી બોલવું એ કળા છે તેમ એકાગ્રતાપૂર્વક, ધીરજ રાખી - કંટાળ્યા સિવાય કોઇને સાંભળવું તે પણ ખાસ્સી સજ્જતા માંગી લે છે. સારા વક્તા શોધવાનું કદાચ એટલું મુશ્કેલ નથી, જેટલું અઘરૂં ઉત્તમ શ્રોતાને પામવાનું.

આજનો માણસ બહિર્મુખ થઇ ગયો છે. થોડા સમય માટે પણ બોલ્યા વગર બેસી રહેવાનું એને પાવતું નથી. દિવસ દરમિયાન આપણે કેટકેટલું બિનજરૂરી બોલતા રહીએ છીએ એનો હિસાબ કદી કોઇએ માંડ્યો છે? જયાં નહીં બોલવાની કામ સરી શકે હોય છે ત્યાં પણ આપણે શબ્દો ફેંકતા રહીએ છીએ. એટલું જ નહીં, પણ આપણે ચૂપ હોઇએ છીએ ત્યારે પણ આપણે મનોમન બોલ્યા કરીએ છીએ ને અમસ્તું જ ઘોંઘાટથી ઘેરાયેલા રહીએ છીએ.

મૌનનો મહિમા આપણે વીસરી ગયા છીએ. કોઇ પ્રસંગે બે મિનિટનું મૌન પાળવાનું આવે ત્યારે પણ કેટલાકને તકલીફ પડતી હોય છે. કયારે બે મિનિટ પુરી થાય!

આમ થવાનું કારણ એટલું જ કે સંતૃપ્ત અને વિટંબણાઓથી ગ્રસ્ત માણસને ઘણું કહેવું છે પણ એને કોઇ સાંભળનાર નથી. આજના માણસની ભીંતર જે ભર્યું છે તે એણે વ્યક્ત કરવું છે. એની પીડા, સમસ્યા અને આનંદને વ્યક્ત કરી એ છલવાઇ જતા ઇચ્છે છે, ખાલી થવા માગે છે. પણ ઠલવાવું કયાં? કોની પાસે ખાલી થવું?

કોલેજના કેટલાક યુવાનોને સામાજિક કાર્ય કરવાનો વિચાર આવ્યો. એમણે કોઇને પૂછ્યું : શું કરીએ ? 'વૃદ્ધાશ્રમમાં જાવ.' 'ત્યાં જઇ શું કરીએ?' 'વૃદ્ધોને સાંભળો. એમણે ઘણું કહેવાનું હોય છે. ખૂબ વાતો હોય છે એમની પાસે. નહીં કહેવાયેલી - વારંવાર કહેવાયેલી... અગણિત વાતો...' યુવાનો રોજ સાંજે વૃદ્ધાશ્રમમાં જવા લાગ્યા. વૃદ્ધોને સાંભળવા લાગ્યા, હૃદય અને મનથી. એક યુવાને થોડા સમય પછી જણાવ્યું કે વાત કર્યા પછી વૃદ્ધોના ચહેરા સંતોષ અને સુખ પથરાઇ જતાં.

સતત બોલ્યાં કરવું અથવા તો સાવ જ નહીં બોલવું એ બેય બાબત નુકશાન કરતી હોય છે. બોલવાનું મૌન રહેવા કરતાં વધુ જરૂરી જણાય ત્યારે બોલાય તો તે શ્રોતા માટે પણ ઉપકારક બની રહેતું હોય છે.

ચાઇનીઝ ભાષામાં એક સેંઇગ છે : **'The learned is he who is a good listener.'**

એટલે કે જે ઉત્તમ શ્રોતા છે તે જ્ઞાની છે. આપણે ત્યાં વિદ્વાન વ્યક્તિ માટે સરસ શબ્દ છે - બહુશ્રુત. જે સતત સાંભળતો રહે છે - ઘણું સાંબળતો રહે છે તે બહુશ્રુત. જેનામાં સાંભળવાની કળા છે તે સાંભળીને ઘણું શીખી શકે છે ને બહુશ્રુતની કક્ષાએ પહોંચી શકે છે. સાંભળીને સૌને આશ્વસ્ત કરી શકે છે ને પ્રેમ જગાડી શકે છે.